# કપોળ જ્ઞાતિનો કૃષ્ણ શેઠ જિલ્લા-સ્તરની ઍથ્લેટિક સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ જીત્યો

## કાંદિવલીના જોઈ ન શકતા આ લિટલ વન્ડરનું રાષ્ટ્રીય સ્પર્ધા માટે સિલેક્શન થયું




**કીપ ઇટ અપ :** થોડા દિવસ પહેલાં પ્રિયદર્શિની પાર્કની સ્પર્ધા પછીના સમારંભમાં બન્ને મેડલ સાથે કૃષ્ણ શેઠ.

**કાંદિવલી** (વેસ્ટ)માં રહેતા આઠ વર્ષની ઉંમરના કૃષ્ણ શેઠ નામના જોઈ ન શકતા લિટલ વન્ડરે થોડા દિવસ પહેલાં નેપિયન સી રોડ નજીકના પ્રિયદર્શિની પાર્કમાં જિલ્લા-સ્તરીય ઍથ્લેટિક્સની હરીફાઈમાં બે ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. પહેલાં તેણે ૫૦ મીટર રનિંગમાં અને પછી ૫૦ મીટર ફ્રૉગ-જમ્પિંગમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. તેણે બે ગોલ્ડ ચેઈન પણ જીતી લીધા હતા.

શારીરિક રીતે અક્ષમ સ્પર્ધકો માટેની સ્પેશ્યલ ઑલિમ્પિક્સ નામની આ હરીફાઈ લાયન્સ ક્લબ ઈન્ટરનૅશનલ-ડિસ્ટ્રિક્ટ 323 A-1 દ્વારા યોજવામાં આવી હતી અને કૃષ્ણએ એની આ બે હરીફાઈઓ જીતી લેતાં તે હવે આ મહિનાની નૅશનલ ઍથ્લેટિક્સ માટે સિલેક્ટ થયો છે.

કપોળ જ્ઞાતિનો કૃષ્ણ કાંદિવલી (વેસ્ટ)ની સ્વામી વિવેકાનંદ ઈન્ટરનૅશનલ સ્કૂલમાં પહેલા ધોરણમાં ભણે છે. તે જન્મથી નથી જોઈ શકતો. અમરેલી જિલ્લાનું રાજુલા શહેર તેનું મૂળ વતન છે.

### સ્કૂલ સ્પોર્ટ્સમાં સુવર્ણ જીત્યો

કૃષ્ણ થોડા દિવસ પહેલાં પોતાની સ્કૂલના સ્કૂલ સ્પોર્ટ્સમાં ૫૦ મીટર રનિંગનો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

### કરાટેમાં બ્રૉન્ઝ મેળવ્યો

તે ત્રણ મહિના પહેલાં થાણેમાં રાજ્ય-સ્તરિય કરાટે ચૅમ્પિયનશિપની જુનિયર કૅટેગરીમાં નૉર્મલ હરીફો વચ્ચે બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.